(ઑક્ટોબર ૧૯૯૯માં ન્યુ યૉર્કના 'ગુજરાત ટાઈમ્સે' યોજેલી એક હરીફાઈમાં આ 'અનુભવકથા'ને ઈનામ મળ્યુ. પછી તો આ લેખ 'ઓપીનીયન', 'ભુમીપુત્ર', 'ઉદ્દગાર', 'અખંડ આનંદ' વગેરે સામયીકોમાં તથા 'મૈત્રી'માં હીન્દીમાં અને 'સાઉથ આફ્રીકા'માં અંગ્રેજીમાં છપાયો. મહેન્દ્ર મેઘાણી સંપાદીત 'અરધી સદીની વાચનયાત્રા'ના આગામી નવા ભાગમાં પ્રકાશીત થવા તે પસંદગી પામ્યો છે. અહીં તે લેખ ટુંકાવીને સાભાર..ઉત્તમ ગજ્જર..)

## ગ્રેટ મેન્સ બુક

# ગાંધીજીની આત્મકથા

# ત્રણ પ્રસંગો

### --હંસા જાની

મારા જીવનમાં ત્રણ પ્રસંગો એવા બનેલા જેમાં ગાંધીજીની આત્મકથા પુસ્તકની ચમત્કારીક અસર જોઈ શકાય.

૧૯૭૧માં મારી અઢી વરસની દીકરી આશીનીને લઈને હું અમેરીકા આવી. મારા પતી હરનીશ વહેલા આવી ગયા હતા અને માંસાહાર લેતા થઈ ગયા હતા. પહેલે જ દીવસે એમણે મને શાંતીથી સમજાવ્યું કે, 'મને નોનવેજ ફુડ ભાવે અને ફાવે છે. તું પણ એ ખાઈ શકે છે. ના ખાવું હોય તો શાકાહારી રહી શકે છે. પરંતુ આપણી દીકરી આશીનીને હું નોનવેજ પૌષ્ટીક ખોરાક ખવડાવવામાં માનું છું.' મેં આ વાતમાં કશો જ વાંધો ન લીધો અને તેમણે તો પહેલા જ દીવસથી આશીની માટે સ્ક્રેમ્બલ્ડ એગ્ઝ અને બ્રેડના બ્રેકફાસ્ટથી શરુઆત કરી દીધી ! પછીથી કોઈ પણ જાતના મનદુખ કે વીરોધ વીના તે બંનેને ભાવે તેવી રસોઈ હું બનાવતી થઈ ગઈ.

આશીની કૉલેજનાં ચાર વર્ષ પુરાં કરી ગ્રેજ્યુએટ થઈ અને એનાં લગ્નની વાતો શરુ થઈ. એક દીવસ એક મુરતીયાની મમ્મી જોડે હું ટેલીફોન પર વાતો કરતી હતી. આશીની સાંભળતી હતી. તે બહેને મને પુછ્યું, 'તમારી દીકરી નોનવેજ ખાય છે?' મેં કહ્યું,'અમે વેજીટેરીયન છીએ; પણ આશીનીને મીટ ખાવા મળે તો મોં મચકોડતી નથી.' આમ કહેતાં મને પોતાને ખરાબ લાગ્યું; કારણ કે હું જાણતી હતી કે હું જુઠ્ઠું બોલતી હતી. આશીની કહે, 'મમ્મી, નોનવેજ ખાતાં હોય તેવા ઘરમાં જ તું મને પરણાવજે કે જેથી પ્રોબ્લેમ નહીં થાય.' પછી તે બહેન જોડે મેં લગ્નની વાત આગળ નહીં વધારી.

આ પ્રસંગને બે-ત્રણ વર્ષ વીતી ગયાં હશે. એક દીવસ સાંજે આશીની આવીને મને કહે, 'મમ્મી, હવે તું ગ્રોસરી લેવા જાય ત્યારે તું મારા માટે મીટ, ચીકન નહીં લાવતી.' મેં પુછ્યું, 'કેમ બેટા? કેમ ના પાડે છે? શું થયું તને?' તે હસી પડી અને કહે, 'આ બુક વાંચીને હું પ્રભાવીત થઈ છું. મેં પણ ભગવાનને પ્રૉમીસ આપી દીધું છે કે હવેથી હું જીવહીંસા કરવી પડે એવું ફુડ નહીં ખાઉં. મેં પુછ્યું, ' કઈ ચોપડી?' મારે સમજવું હતું કે કયા પુસ્તકે આવડો ધક્કો આપ્યો હશે કે જે વર્ષોની ટેવને ઘડીના છઠ્ઠાભાગમાં તીલાંજલી અપાવી શકે! આશીની બોલી, 'An Autobiography of M.K.Gandhi.'

મારી આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. હું તેને બાઝી પડી. મને થયું: દીકરીએ 'ગાંધીજીની આત્મકથા' વાંચવા ખાતર નથી વાંચી, જીવનમાં પણ કંઈક ઉતાર્યું છે. કવી પ્રદીપજીની પંક્તી મારા મનમાં ગુંજવા લાગી: 'સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ !'

મને લાગે છે કે મારા પીતા ગણપતીશંકર વ્યાસ મુળે રાજપીપળાના વકીલ; પણ તનમનથી ગાંધી રંગે રંગાયેલા. તે વેળાના રાજાએ રાજપીપળા સ્ટેટમાં, તેમની વકીલાતની સનદ ઝુંટવી લીધી. પણ તે અડગ મનના માનવી શેના ઝુકે ! તેથી પછી તે અમદાવાદ આવ્યા. મારા અને મારાં સંતાનો સુધી એ સંસ્કાર વીસ્તરતા જોઈ કઈ દીકરી રાજી ન થાય!

૧૯૯૭માં અમે અમારા દીકરા સંદીપને જનોઈ આપવાનો પ્રસંગ અમેરીકામાં યોજ્યો. તેની કંકોતરી ભારતમાં છપાવી. એનું કદ ૫ ઈંચ બાય ૮ ઈંચનું હતું. પોસ્ટવાળાનું તમામ કામ કમ્પ્યુટર મારફ્ત થતું હોઈ, તેમને આ કદમાપથી પ્રોબ્લેમ થશે એમ સૌ કોઈ કહેતું.

કંકોતરીઓ લઈ હું તો પોસ્ટ ઑફીસે જ પહોંચી ગઈ. કાઉન્ટર પર થોકડો આપ્યો. અને કહ્યું કે આ ઈન્વીટેશન કાર્ડ છે. તો તે કહે, 'પોસ્ટખાતું આ મોકલી નહીં શકે.' પછી તેણે તેનાં તમામ કારણો ગણી બતાવ્યાં. હું ખુબ નીરાશ થઈ. મેં તેને કહ્યું, 'May I talk to your supervisor or officer?' તે તેના બૉસને બોલાવી લાવી. તે અમેરીકન ગોરો હતો. આવતાં જ તેણે પુછ્યું, 'Hello, young lady! May I help you?' મેં કહ્યું, 'Yes Sir, I need your kind help.' મેં તેને મારા દીકરાના જનોઈ પ્રસંગની ઉપરછલ્લી સમજણ આપી. એ પ્રસંગની આ નીમંત્રણ-પત્રીકા છે તેમ જણાવ્યું. તે ભારતમાં છપાઈ છે અને હવે અહીંથી તે મોકલવાની છે. મૅનેજરે તે કાર્ડ હાથમાં લીધું, આમતેમ ફેરવીને ચકાસ્યું અને મને કહે, 'Lady! You are from India. That means Mahatma Gandhi's country. He was a gentleman. He did good work for humankind. We can't do this work by machine; but I will do this work by myself, manually. It will take one and a half hour. I think I am doing this work fo that great man, Gandhi. Do you know that I have read his autobiography twice, so far? I have bought that book for my home-library too. We can learn from his life.' તેની વાતથી મને ભારે નવાઈ લાગી અને ખુશી ઉપજી. હું તો તેનો હાથ ઝાલી તેનો આભાર માનતી જ રહી. તેણે મને ચીંતા ન કરવા જણાવ્યું. ઘરે જતાં મેં વીચાર્યું : હાશ! મારું કામ પતી ગયું. મારા વાક્ચાતુર્યથી કામ થઈ ગયું. કાર ચલાવતાં વળી મન વીચારે ચઢ્યું ત્યારે સમજાયું કે મારા વાક્ચાતુર્યથી કે હોશીયારીથી નહીં; આ કામ તો ગાંધીજીના નામે પાર પડ્યું હતું. અને પેલી પંક્તી ફરી મનમાં ગુંજવા લાગીઃ 'સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ !'

●◆●◆●◆●

૧૯૯૯ના પાંચેક મહીના મને ન્યુ જર્સી ઈન્કમટૅક્સ ઑફીસમાં કામ કરવાની તક મળી. ત્યાં પહેલે જ દીવસે જોયું તો સૌથી વધારે આફ્રીકન અમેરીકન લોકો ચોપાસ હતા. તે લોકો મોટે મોટેથી બોલ્યા કરે અને વળી ગંદી ગાળો બોલે. મેં મારા સુપરવાઈઝરને વાત કરી. તે કહે, 'અમે તેમને કંઈ જ ન કહી શકીએ.' મને થયું કે જોબ છોડી દઉં. પણ પછી મેં બીજા વીભાગમાં જવાની રજા માંગી અને હું નવા વીભાગમાં બેઠી. તો ત્યાંય લોકો તો એના એ જ, એવી જ ઘાંટાઘાંટ અને એવી જ ગંદી ગાળો ! મનમાં થાય કે આ લોકોને જઈને કહી દઉં કે આવી ગંદી ગાળો બોલવાનું તો બંધ કરો ! પણ હીંમત નહીં ચાલી. હું તો ચુપચાપ કામ કર્યા કરતી. પણ પછી મને સમજાયું કે એ લોકોને પણ મારી જોડે વાતો તો કરવી જ છે. તેઓ તો મને વીદેશી ગણીને મારી પર છાપ પાડવા માંગતા હતા. એક દીવસ મને વાતાવરણ કંઈક શાંત જણાયું. હું તેમના ટેબલ પાસે ગઈ. મેં મારું નામ જણાવી પરીચય આપ્યો ને કહ્યું, 'હું ઈન્ડીયાથી આવું છું.' મેં સૌ જોડે પ્રેમથી હાથ મીલાવ્યા.

એવામાં એક છોકરાએ પુછ્યું, 'ઈન્ડીયા ક્યાં આવ્યું? તું અહીં કેવી રીતે આવી? ઈન્ડીયામાં કઈ લેંગ્વેજ બોલાય? તું ઈંગ્લીશ કેવી રીતે શીખી?' આવા તો ઘણા સવાલ-જવાબોની આપલે થઈ. પછીથી ધીરેથી મેં કહ્યું, 'તમે લોકો ગાળો બોલો અને ખરાબ ભાષા વાપરો છો એ સારું કલ્ચર તો ન જ કહેવાય. વાતોના વીષયો તો ઘણા છે. બીજી છોકરીઓ પણ તમારી જોડે વાતચીતમાં જોડાતાં ખંચકાય છે.' તેવામાં, કૉલેજમાં એક વરસ ગાળેલું તેવો ચેડ નામનો એક અશ્વેત યુવાન વચ્ચે ટપકી પડ્યો. તેણે મને ગાંધીજી વીશેની તુટીફુટી વાતો કરી. મેં તેને કહ્યું, 'ગાંધીજીએ લખેલી ઑટોબાયોગ્રાફી તેં વાંચી છે? એ મહાન માણસ વીશે એમાંથી તને વધારે માહીતી મળશે.'

બીજે દીવસે મેં તેને An Autobiography of M.K.Gandhi આપી. પણ પછી તે ત્રણ દીવસ સુધી દેખાયો જ નહીં. ખબર પડી કે ચેડ તો નોકરી છોડીને ગયો! પંદરે દીવસ પછી જોઉં તો ઑફીસના

પાર્કીંગમાં એક આફ્રીકન અમેરીકન દંપતી બાળક સાથે ઉભેલું. પુરુષે સરસ સુટ-ટાઈ અને સ્ત્રીએ સરસ ટી-શર્ટ અને સ્કર્ટ પહેરેલાં. મને થયું કોઈ હશે. તેવામાં તે પુરુષે નજીક આવી કહ્યું, 'હંસા, ગુડ મોર્નીંગ ! તું મને ભુલી ગઈ? હું ચેડ છું.' હવે ક્યાં દાઢીકર્યા વગરનો ઉંધી ટોપીવાળો લઘરવઘર ચેડ ને ક્યાં આ? ખુશી થઈ. તેણે તેની પત્નીનો અને બે વરસની દીકરીનો પરીચય આપ્યો અને કહે, 'હંસા, તારી બુક પરત કરવા મારાથી ન અવાયું તે બદલ માફી માગું; પણ એ બુક માટે હું તમારો ઋણી છું. લો, મારી મેરીયન જ હવે તને વાત કહેશે.'

મેરીયન કહે, 'હંસા, તને અમારી વાત જણાવવી છે. ચેડ બહુ ઢીંચતો. મને મારઝુડ કરતો. ઘરમાં દુધના પૈસા નહીં ને એ બહુ દારુ પીએ. અમારો સંસાર તુટી પડવાની તૈયારીમાં હતો ને તેં ચોપડી આપી. ત્રણ દીવસે આવી મને ચેડ કહેઃ 'આ મહાન માણસની ચોપડીના સોગંદ ખાઈ તને કહું કે હવે ન તો હું દારુ પીશ કે ન તો તને મારીશ. જો, તારે માટે આ ગુલાબનો બુકે લાવ્યો છું.' મારાં આ પહેરેલાં કપડાં જીંદગીમાં પહેલી વાર એ લાવ્યો. હંસા, હવે અમારી લાઈફસ્ટાઈલ સાવ બદલાઈ ગઈ. હંસા, થેન્ક યુ સો મચ.' એટલું કહી તે મને વહાલથી વળગી પડી. અને આત્મકથા મને પાછી આપી.

ચેડ કહે, 'હંસા, એક સારા સમાચાર કહું? મને 'એટી એન્ડ ટી'માં સરસ નોકરી મળી ગઈ છે.' છુટા પડતાં મેં બંનેને આલીંગન આપ્યાં. ખુશીનો તો પાર નહી !

પાછળ ફરી જોયું તો હાથમાં હાથ ભીડી બંને ચાલતાં હતાં. ફરી મનોમન મેં ગાંધીજીને વંદન કર્યાં અને ફરી પેલી ગીતની પંક્તી મનમાં ગુંજવા લાગી : 'સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ !' બાપુજીએ કહ્યું જ છે કેઃ 'Gentle way you can shake the world.' --હંસા જાની

હંસા જાની




## લેખીકા-પરીચય

હંસાબહેન વર્ષોથી અમેરીકામાં રહે છે. ઈતીહાસના વીષય સાથે એમ.એ. કરીને અમદાવાદની નવ ગુજરાત કૉલેજમાં પ્રાધ્યાપીકા તરીકે કામ કર્યું. પીતા તરફથી વારસામાં મળેલ વાચનનો શોખ એમણે વીકસાવ્યો છે. ખાસ કરીને ધાર્મીક સાહીત્ય. બાઈબલ, ગીતા, રામાયણ જેવા ધર્મગ્રંથો તથા સ્વામી વીવેકાનંદ અને સ્વામી સચ્ચીદાનંદજી (દંતાલીવાળા)નાં લખાણોના તેઓ ચાહક છે. આજકાલ અમેરીકામાં મેરેજ બ્યુરો ચલાવે છે. તેમની પાસે બધી જાતના ઈમીગ્રંટ્સ છોકરા-છોકરીઓ પરણવાના ઓરતા લઈને આવે. એમના પતી હરનીશ જાનીનું કહેવું છે કે, 'હંસાને પાઈની પેદાશ નહીં ; ને બહેનને ઘડીની નવરાશ નહીં–આખો દીવસ લોકોની વાતો સાંભળવાની અને કયો છોકરો કઈ છોકરી સાથે ફીટ થશે એ વીચારવાનું! બાકી પૈસા જો રળવા હોય તો કુંવારા લોકો કરતાં પરણેલા લોકો માટે કોઈક આવી જ સેવા શોધી કાઢવી જોઈએ.' --ઉત્તમ ગજ્જર

લેખીકાનો ઈ-મેઈલ સંપર્ક : **harnish5@yahoo.co**

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ-મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'ગાંધીબાપુ'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૬૯ -- ઑક્ટોબર ૧, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ **'વીદેશ-સર્જનોત્સવ'** ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટમાં **અક્ષરાંકન** : ઉત્તમ ગજ્જર : **uttamgajjar@hotmail.com**

**Harnish Jani** 4, Pleasant Drive, **Yardville,** NJ 08620-**USA**
**Phone-609-585-0861 : email : harnish5@yahoo.co**